પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ ,અમદાવાદ
વિશેષ શાખા ,કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.**

**ક્રમાંક : વિ.શા/એ સેકશન/મકાન ભાડુઆત/૬૨ /૨૦૨૪. તા.૧૯/૦૧/૨૦૨૪**

વંચાણે લીધા:- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૧/ આર.બી/૩૫૦/૨૦૨૪ તા.૧૭/૦૧/૨૦૨૪ તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૪ અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૪ /આરબી/૨૫૬/૨૦૨૪ તા.૧૭/૦૧/૨૦૨૪ આધારે.

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ ગુનેગાર તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

આગામી દિવસોમાં પ્રજાસત્તાક દિન, મહાશીવરાત્રી વિગેરે ધાર્મિક તહેવારો આવનાર હોય, આવા તહેવારોના સમયગાળા દરમ્યાન આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજય કે દેશમાંથી આવી કોઇના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહી સ્થાનિક જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શક્યતા નકારી શકાય નહી. અમદાવાદ શહેરમાં જાહેર સલામતી અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ )૧૯૭૪ ના નં-.૨ તથા (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨ / એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/મ,અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઇ મકાન/ ઔદ્યોગિક એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે, મકાન/ઔદ્યોગિક-એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ નં | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી .બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું?. | જે વ્યકિતઓને ભાડે આપેલ છે.તેમના પાકા નામ,સરનામાં,ફોટા,પાસ પોર્ટ,ડ્રાઇવીંગ લાયસન્સ , પાનકાર્ડ ,પુરાવા રૂપે સાથે આપવા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ ,સરનામુંતથા પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ,પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા.૨૪/૦૧/૨૦૨૪ ના સવાર કલાક ૦૬/૦૦ થી તા.૨૩/૦૩/૨૦૨૪ ના કલાક ૨૪/૦૦ ( બંન્ને દિવસો સહિત ) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:- શિક્ષા-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઈ.પી.સી કલમ -૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે .

-: જાહેર વિજ્ઞાપન-:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧)અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-01 માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ